ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૨ ટકા

ગાંધીનગર તાપમાન

સિવિલ વાઈરલ ફીવરના દર્દીઓથી ઉભરાઈ

દર્દીઓની સંખ્યા વધતા જમીન પર પથારી કરી દર્દીઓની થતી સારવાર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. વાઈરલ ફીવરના દર્દીઓની સંખ્યામાં વધારો થતા વોર્ડમાં બેડ ખુટી પડતા નીચે પથારી કરીને દર્દીઓને સારવાર તંત્ર દ્વારા આપવામાં આવે છે. શહેર અને જિલ્લામાં રોગચાળો માથુ ઉંચકતા આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે. રોગચાળાની સ્થિતિ વકરતા આરોગ્ય તંત્ર પણ ચિંતિત નજરે પડીને રોગચાળો ડામવા મથામણ કરી રહ્યું છે.

પાટનગરમાં મેડીકલ કોલેજને પગલે હોસ્પિટલ ૬૦૦ બેડની થઈ ગઈ છે. ઓપીડી અને ઈન્ડોર બિલ્ડીંગ અતિ આધુનિક બનતા શહેર તેમજ જિલ્લાના દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે અહીં આવે છે. અત્યારે હાલના સમયે વાતાવરણને પગલે વાઈરલ ફીવરના દર્દીઓની સંખ્યામાં તોંતિગ ઉછાળો જણાયો છે. જેમાં ઝાડા-ઉલ્ટી, તાવ, શરદી-ખાંસી, માથું દુખવું, શરીરમાં કળતર થવી, માથું દુખવું, હાથપગ તુટવા, મેલરીયા,ટાઈફોઈડ, કમળા સહિતના દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રોગચાળાએ અજગરી ભરડો લીધો છે. ખદબદતી ગંદકી અને કાદવકિચડને પગલે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકરી રહ્યો છે. જેને પગલે હોસ્પિટલમાં છેલ્લા બે ત્રણ દિવસથી દર્દીઓની સંખ્યા વધતી જોવા મળી છે. જેથી હોસ્પિટલના સાતમા તેમજ આઠમાં માળ સહિતના વોર્ડમાં તમામ બેડ દર્દીઓથી ભરાઈ જતા દર્દીઓને નીચે જમીન પર પથારી કરીને સારવાર આપવામાં આવી રહી છે. જયારે હોસ્પિટલના અન્ય વોર્ડની પણ આ જ પ્રકારની હાલત છે. વોર્ડમાં નર્સિંગ સ્ટાફ પણ વધારવો પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. હાલની સ્થિતમાં હોસ્પિટલમાં દર્દીઓની સાથે મુલાકાતીઓનો પણ ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ચોમાસાની સિઝનને પગલે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં રોગચાળો વકર્યો હોય તેવું લાગી રહ્યું છે.ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા રોગાચાળાને કાબુમાં કરવા કવાયત હાથ ધરવામાં આવી છે.

ઈન્ડીયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ ગાંધીનગર દ્વારા યોજાયેલ 'ઘેર ઘેર ધ્વજવંદન' કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૬

નેશન ફર્સ્ટ ફાઉન્ડેશનના સહયોગથી ઈન્ડીયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ ગાંધીનગર દ્વારા ઘેર ઘેર ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ ઉપક્રમે ગાંધીનગર શહેર તથા તાલુકામાં રાષ્ટ્રધ્વજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. લોકોમાં રાષ્ટ્રભાવના જાગૃત થાય એવા ભગીરથ પ્રયાસનાં ભાગરૂપે દેશના ૭૧મા સ્વતંત્રતા દિન નિમિત્તે લોકો પોતાના ઘર, વ્યવસાય, ધંધા ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવે તેવું આયોજન કરવામાં આવ્યું.

ગત વર્ષે ૨૦ ગામ તથા શહેર તથા મુંબઈમાં કુલ મળીને ૫૦૦૦ ધ્વજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું અને લોકો તરફથી ખુબ સરસ પ્રતિભાવ મળ્યો હતો. લોકો ધર્મ-જાત-પક્ષાપક્ષીને ભૂલીને રાષ્ટ્રવંદનાના આ કાર્યક્રમને ખુબ સફળ બનાવ્યો.

આ વર્ષે ઈન્ડીયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ ગાંધીનગરએ "ઘેર ઘેર ધ્વજવંદન" કાર્યક્રમ માટે ૧૫૦ રાષ્ટ્રધ્વજનું વિતરણ કર્યુંહતું. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલને રાષ્ટ્રધ્વજ અર્પણ કરીને આ કાર્યક્રમની શરૂઆત કરી હતી. સરકારી વસાહતો, પત્રકારો, ગાંધીનગરના લારી-ગલ્લાવાળાને અને ખાનગી સોસાયટીઓમાં ધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિતરણની સાથે સાથે ધ્વજનું માન-સન્માન જળવાય તે માટે પણ ખાસ કેહવામાં આવ્યું હતું અને ધ્યાનમાં રાખવાની બાબતોની માહિતી આપેલ હતું. આ કાર્યક્રમમાં ખાસ યોગદાન ગાંધીનગરના ડેપ્યુટી મેયર શ્રી દેવેન્દ્ર ચાવડાનું રહ્યું હતું. ઈન્ડીયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ ગાંધીનગરનાંપ્રમુખશ્રી કુમ્પલબેન દવે, ઉપપ્રમુખશ્રી ઉદય પાંભર, મંત્રીશ્રી શિલ્પાબેન દેસાઈ, જયશ્રીબેન સોની, રશિમબેન ગોંડલિયા તથા ચંદ્રીકાબેન પરમારએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં ખુબ જ મહત્વનો ફાળો આપ્યો હતો.

પ્રભુપુરા સાધના ફાર્મ સામેથી દારૂ ભરેલી કાર ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૬

ડભોડા પોલિસને સાતમની સાંજે બાતમી મળી હતી કે જીજે ૨૩ ઈએફ ૨૯૦૧ નંબરની ટાટા ઈન્ડીગો ઝાન્ઝા કારમાં વિદેશી દારૂ-બિયરની હેરાફેરી થવાની છે. આ બાતમી આધારે ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાની ટીમ પ્રભુપુરા ગામની સીમમાં સાધના ફાર્મ સામે વૉચ પર ગોઠવાઈ ગઈ હતી અને બાતમી વાળી કાર પકડી પાડી હતી. રૂ. ૫૨,૮૦૦ની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો તથા કાર મળી રૂ. ૨,૫૨,૮૦૦ના મુદ્દામાલ સાથે ટીમે ભાવનગરના રમણ મગન પરમારની ધરપકડ કરી લીધી હતી તો બીજી તરફ આ ગુનામાં ચીરાગ પંચોલી અને સુનિલ દરજી નામના બે શખ્સો વોન્ટેડ છે. દારૂ-બિયરનો જથ્થો ભાવનગર ખાતે લઈ જવાઈ રહ્યો હોવાની વિગતો બહાર આવતા ડભોડા પોલિસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

રજાઓમાં મકાન બંધ કરી પરિવાર બહારગામ ગયું ને તસ્કરો ત્રાટકયા

ગાંધીનગર, તા.૧૬

તહેવારોની રજાઓને પગલે શહેરમાંથી મોટા ભાગના પરિવારો મકાનને તાળા મારી બહારગામ ગયા હતા. સે-૬-બી ખાતે પણ રજાઓમાં મકાન બંધ કરી પરિવારજનો બહારગામ ગયા તે દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવી તાળા તોડી હાથફેરો કરી લીધો હતો. મકાનમાંથી દાગીના તથા રોકડ મળી દોઢ લાખની મત્તા ચોરી તસ્કરો ફરાર થઈ ગયા હતાં. સે-૭ પોલિસે મકાન માલિકની ફરિયાદ લઈ વધુ તપાસ શરુ કરી છે.

શહેરના સે-૬-બી પ્લોટ નં. ૮૬૮/૧ ખાતે રહેતા ગંગારામ થોભણભાઈ છનીયારા ૧૩મી તારીખે પોતાના મકાનને તાળુ મારીને પરિવાર સાથે સારંગપુર મંદીરે દર્શન કરવા ગયા હતા. મંદિરે દર્શન કરીને નીકળ્યા બાદ પરિવાર આખું ભાવનગર ખાતે સંબંધીને ત્યાં ગયું હતું. ગઈ કાલે પરિવાર ઘરે પરત ફર્યું અને જોયું તો સે-૬ના મકાનના મુખ્ય દરવાજાનું તાળુ અને ઈન્ટરલોક તેટલું હતું. મકાનમાં સામાન વેરવિખેર હતો. બે દિવસ દરમિયાન તસ્કરોએ તાળા તોડી અંદરથી કબાટમાં પડેલા રોકડ રૂ. ૮૬ હજાર અને રૂ. ૪૮ હજારના સોના-ચાંદીના દાગીના તથા એક કાંડા ઘડિયાળ મળી કુલ રૂ. ૧,૪૧,૦૭૦ની મત્તાની ચોરી કરી તસ્કરો ભાગી ગયા હતા. ગંગારામ છનીયારાની ફરિયાદ આધારે સે-૭ પોલિસે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત તથા ડૉગ સ્કવોર્ડ બોલાવી ઉંડી તપાસ શરુ કરી છે.

લીંબડીયા રોડ પર વધુ એક હીટ એન્ડ રન

ગાંધીનગર, તા.૧૬

ડભોડા પાસેના લીંબડીયા ગામ પાસે રોડ પર ગઈ કાલે વહેલી સવારે હીટ એન્ડ રનનો બનાવ બન્યો હતો. રોડ પર બેફામ ગતિએ જતા અજાણ્યા વાહને આશરે ૩૦ વર્ષીય અજાણ્યા યુવાનને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી દીધો હતો અને સ્થળ પરથી વાહન સાથે પળવારમાં રફુચક્કર થઈ ગયો હતો. ડભોડા પોલિસે અજાણ્યા યુવકનો મૃતદેહ પી.એમ. કરાવી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આરોપી સુધી પહોંચવા હાઈવે પરના સીસીટીવી કેમેરા તપાસવાની તજવીજ શરુ કરી છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ૭૧મા સ્વતંત્રતા પર્વની ઉજવણી

ગાંધીનગર, તા.૧૬

ભારતના ૭૧મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પટાંગણમાં કરવામાં આવી. યુનિ.ના માનનીય કુલપતિ પ્રો. (ડૉ.) કે.એસ. લિખિયાના વરદ હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. સમગ્ર સ્ટાફ પરિવારે રાષ્ટ્રગીત અને ધ્વજગીતનું ગાન કરીને ધ્વજને સલામી આપી હતી. યુનિ.ના સંગીતવૃંદ દ્વારા રાષ્ટ્રભકિતને લગતા ગીત તેમજ એમ.એ. ચાઈલ્ડ સાયકોલોજી એને એમ.ફીલ.ના વિદ્યાર્થીઓ દ્વારા વકતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા. કુલપતિએ પ્રસંગોચિત ઉદબોધન કરતા જણાવ્યું કે પ્રત્યેક રાષ્ટ્રની પ્રગતિનો આધાર તેના નાગરિકને રોજબરોજના જીવનમાં વણાયેલી રાષ્ટ્રભકિત છે તેમજ 'રાષ્ટ્ર માટે મરવું શ્રેષ્ઠ છે પરંતુ રાષ્ટ્ર માટે જીવવું તે પણ એટલું જ શ્રેષ્ઠ છે.' કાર્યક્રમના અંતે વંદે માતરમનું ઉન્નત સ્વરે ગાન કરી સૌ સ્ટાફ પરિવારે રાષ્ટ્ર પ્રત્યે પોતાનો અહોભાવ અને પ્રતિબદ્ધતા વ્યકત કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન તોરલબહેન પંચાલ અને આભારવિધિ દિવ્યાબહેન રાવળે કરી હતી. સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે યુનિ.ના શિક્ષકો દિવ્યાબહેન રાવળ, હાર્દિકભાઈ ભટ્ટ અને જયદેવભાઈ ધાંધિયાએ કામગીરી બજાવી હતી.

પત્નિના પ્રેમીને ઘરે બોલાવી હત્યા કરી દેનાર ઝડપાયા

શાહપુર ગામમાં ૯ દિવસ પહેલા પ્રેમીને ઘરે બોલાવીને પરિણીતાના પતિ અને જેઠે હત્યા કરી નાંખી હતી : બંનેની ધરપકડ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક શાહપુર ગામમાં ૯ દિવસ પહેલા મોડી રાત્રે ગામના એક પ્રેમી યુવાનને તેની પ્રેમિકાના પતિએ અને જેઠે ઘરે બોલાવીને હત્યા કરી નાંખી હોવાની ઘટના બનવા પામી હતી. ડભોડા પોલિસે મૃતકના પ્રેમીના ભાઈની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી તપાસ આરંભી હતી. આજે મોડી સાંજે ડભોડા પોલિસે હત્યારા પતિ અને જેઠની ધરપકડ કરી લઈ રિમાન્ડ મેળવવા અને પુરાવા એકત્ર કરવા તજવીજ શરુ કરી છે.

શાહપુર ગામમાં રહેતો ૩૪ વર્ષીય પરિણીત યુવાન ગોવિંદજી ઉર્ફે માઈકલ વિષ્ણુજી ઠાકોર ગામમાં જ આવેલા પરાવાસમાં રહેતી એક પરિણીતાના પ્રેમમાં હતો. બંને વચ્ચે ચાલતા પ્રેમ સંબંધની જાણ પ્રેમિકાના પતિને થઈ જતા અગાઉ માથાકુટ થઈ હતી અને સમાધાન થયું હતું. ત્યાર બાદ ગત ૭મી ઓગસ્ટે રાત્રે ગામમાં એક ઘરે ભજન હતા ત્યાં ગોવિંદજી તેના ભાઈ સુનિલ અને પિતા વિષ્ણુજી સાથે ગયો હતો. રાત્રે કોઈનો ફોન આવતા તે નિકળી ગયો અને રાત્રે સમાચાર મળ્યા કે તેની હત્યા થઈ ગઈ હતી. પરિણીતાના પતિ અમરા નેના ઠાકોર અને જેઠ દશરથ નેના ઠાકોરે મળીને પ્રેમી ગોવિંદજી ઉર્ફે માઈકલને ઘરે બોલવી તેની હત્યા કરી નાંખી હોવાનું ખુલ્યું હતું. આ ઘટના અંગે મૃતકના ભાઈ સુનિલ ઠાકોરે ફરિયાદ આપતા ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાએ ગુનો નોંધી તપાસ શરુ કરી હતી. દરમિયાન આજે મોડી સાંજે ડભોડા પોલિસે હત્યારા અમરા ઠાકોર અને દશરથ ઠાકોરની ધરપકડ કરી લઈ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

આજે આધુનિક વિજ્ઞાન સાથે આયુર્વેદનો સમન્વય વિષય ઉપર ડો. રવિશંકર પોલીશેટીનું પ્રવચન

ગાંધીનગર, તા.૧૬

રોટરી ક્લબ, ગાંધીનગરના પ્રમુખ ડો. દિપક બારોટ અને ગેજીયાના પ્રમુખ શ્રી એચ.એમ.પટેલ ના જણાવ્યા અનુસાર તા-૧૭/૮/૨૦૧૭ ,ગુરુવાર ના સાંજે- ૮:૦૦ કલાકે, સે-૨૨, ફિઝીયોથેરાપી સેન્ટર હોલ, પંચદેવ મંદિર પાસે આધુનિક વિજ્ઞાન સાથે આયુર્વેદનો સમન્વય વિષય ઉપર ડો. રવિશંકર પોલીશેટીનું પ્રવચન યોજવામાં આવ્યુ છે. જેનો લાભ લેવા સૌ નગરજનો ને વિનંતી કરવામાં આવી છે.

અમેરીકા, રશિયા, ઈંગલેન્ડ, કેનેડા અને ભારતમાં તબીબી ક્ષેત્રે જાણીતા ફીઝીશિયન અને સર્જન કે જેઓ એલોપેથીકમાં જુદા જુદા સંશોધન કર્યા બાદ વૈકલ્પિક સારવાર અને કુદરતી ઉપચારો દ્વારા આધુનિક વિજ્ઞાનમાં આયુર્વેદની અગત્યતા ઉપર ખાસ ભાર મૂકતા આંતરાષ્ટ્રીય જાણીતા ડૉ. રવિશંકર પોલીશેટી દ્વારા વિશિષ્ટ કાંડા ઘડીયાળનું સંશોધન કરવામાં આવ્યુ છે. સારવારમાં નાડી પરીક્ષા અને વાત, પિત્ત અને કફ પ્રકૃતિનું પરિક્ષણ ઉપર રસપ્રદ માહિતી આપીને આધુનિક સારવારમાં તેની ઉપયોગીતા અંગે માર્ગદર્શન આપશે.

અવસાન નોંધ

સ્વ. સવિતાબેન રમણભાઈ સોલંકીનું બેસણું તા. ૧૮-૮-૨૦૧૭ને શુક્રવારના રોજ સવારે ૧૦ થી ૫ કલાક દરમિયાન આર્યકુંજ સોસાયટી, પ્લોટ નં. ૩૫૭/૨, સે-૪-બી, હનુમાન મંદિર પાસે, ગાંધીનગર ખાતે રાખેલ છે.

ચિરવિદાય

- સ્વ. સોમાજી આતાજી ઠાકોર, ઉ.વ. ૬૨
- સ્વ. માધાભાઈ ટીસાભાઈ પરમાર, ઉ.વ. ૭૮
- સ્વ. જોગીબેન માલાજી ઠાકોર, ઉ.વ. ૬૦

@ગાંધીનગર

● સે-૨૩ બ્રહ્મસમાજ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના શૈલેષભાઈ દવે, બી-૧ ટાઈપ ખાતે રાત્રીના ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે એકાદશી અને રામકથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ રાત્રિના ૯ થી ૧૦ કલાક દરમિયાન ચિનુભાઈ ઠાકર, પ્લોટ નં. ૫૦૬/૧ કિસાનનગર ખાતે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ બાબુલનાથ દવે, પ્લોટ નં. ૨૮૯/૧, સ્વીટ હોમ એપાર્ટમેન્ટ, સે-૨૮ ખાતે યોજાશે.

વાતવાતમાં

● સાતમ-આઠમની રજાઓમાં શહેરના જાહેર બગીચાઓમાંતથા આસપાસના ધાર્મિક સ્થળો પર પરિવાર સહિત પિકનીક મનાવવાનો ક્રેઝ જોવા મળ્યો હતો.

● શહેરમાં મંગળવારે સ્વતંત્રતા પર્વ અને જન્માષ્ટમીની રજા અને ગુરુવારે પતેતની રજા હોઈ સરકારી કાર્યાલયોમાં બુધવારે કર્મચારીઓની હાજરીમાં ઘટાડો જોવા મળ્યો હતો. અનેક કર્મચારીઓએ સોમવારે અને બુધવારની રજા મુકી હોવાને કારણે આ સ્થિતિ સર્જાઈ હતી.

આઈ લવ માય ગાંધીનગર

અંકિત કાપડિયા
ટ્રાન્સલેટર અને મીડિયા એનાલિસ્ટ
માહિતી અને પ્રસારણ વિભાગ

ગાંધીનગર ગમે

ગાંધીનગર શહેરમાં જે શાંતિ અને આનંદ અનુભવી રહ્યો છું તે ક્યાંય નથી અનુભવ્યો.

નગરજનો

અહીંનાં નગરજનો ખૂબ માયાળુ અને સેવાભાવી છે, જેમના કારણે નગરમાં વધુ સુખાકારી જોવા મળી રહી છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, શ્રી ગજાનન સેવા સમિતિ, ગાંધીનગર શહેર વસાહત મંડળ, આર્ષ-અક્ષરધામ, કડી સર્વ વિશ્વવિદ્યાલય જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

નગરને બહેતર બનાવવા

નિવૃત્ત વડીલો જેટલા સક્રિય છે એટલા જ સક્રિય જો યુવાનો પણ બને તો શહેરને અવશ્ય બહેતર બનાવી શકાય તેમ છે.

નગર માટે હું કરી શકું

શિક્ષણ અને રોજગારના ઉપક્રમો માટે મારી સહાય શહેરને આપવા માટે હું તૈયાર છું.

ગાંધીનગર ખાતે સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી

વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રભક્તિની કૃતિઓ રજૂ કરાઈ - રાજ્ય અને દેશના વિકાસમાં ગાંધીનગરનું અનેરૂ પ્રદાન : સંજીવકુમાર

ગાંધીનગર, તા.૧૬

રાજ્ય અને દેશના સર્વાંગી વિકાસમાં રાજ્યના પાટનગર એવા ગાંધીનગરનું અનેરૂ પ્રદાન રહ્યું છે તેમ ગાંધીનગરના પ્રભારી સચિવશ્રી અને આર્થિક બાબતોના નાણા સચિવ શ્રી સંજીવકુમારે ગાંધીનગર ખાતે ૭૧મા સ્વાતંત્ર્ય પર્વ નિમત્તે યોજાયેલા કાર્યક્રમમાં સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા આપતાં જણાવ્યું હતું.

પ્રભારી સચિવે કહ્યું હતું કે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે વિકાસની નવી ઉંચાઈઓ સર કરી છે. પ્રગતિશીલ અને નિર્ણાયક મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન અને નેતૃત્વમાં ગુજરાતનો વિકાસ-પ્રગતિ ફાસ્ટટ્રેક ઉપર છે. બનાસકાંઠા અને પાટણના પૂરગ્રસ્ત વિસ્તારના લોકોની મદદ માટે રાજ્ય સરકારે રૂ.૧૫૦૦ કરોડનું પેકેજ પણ જાહેર કર્યું છે તેમ પણ પ્રભારી સચિવએ ઉમેર્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં સેવાસેતુ અને પ્રગતિ સેતુના માધ્યમથી અનેક લોકોને ઘરના આંગણે સરકારી સેવાનો લાભ તેમજ તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યુ છે. ઉજવલ્લા યોજના હેઠળ વિનામૂલ્યે ગેસ જોડાણ સસ્તા આવાસો, મા-વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ યોજના, ખુલ્લામાં શૌચ મુક્ત ગામો, ચાલુ વર્ષે ૨૮ લાખથી વધુ વૃક્ષો વાવવાનું લક્ષ્યાંક કે શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી અને વિશ્વયોગ દિવસમાં નગરજનોની ભાગીદારી જેવા અનેક ક્ષેત્રો-આયામોમાં ગાંધીનગર અગ્રેસર રહ્યું છે તેમ જણાવી પ્રભારી સચિવશ્રીએ રાજ્યના વિકાસમાં સહભાગી થવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો. પ્રભારી સચિવશ્રીએ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પરેડ નિરીક્ષણ કર્યું હતું.

આ પ્રસંગે ૧૮મી વર્લ્ડ વેટરન ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ એલીકાન્ટે-સ્પેન ખાતે ભારતનું પ્રતિનિધિત્વ કરવા બદલ ગાંધીનગર પ્રાંત ઓફિસમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર શ્રીમતી દિવ્યા પંડયાનું તેમજ પેથાપુર નગરપાલિકાને જિલ્લાનું પ્રથમ ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત શહેર જાહેર કરવા બદલ નગરપાલિકાના પ્રમુખ શ્રી રણજિતસિંહ વાઘેલા અને ચીફ ઓફિસર શ્રી હિતેન્દ્ર વાલેરાનું પ્રભારી સચિવશ્રીના હસ્તે ઈનામ આપી સન્માન કરાયું હતું.

આ ઉજવણીમાં ગાંધીનગરની અશ્વ પોલીસ દ્વારા દિલ ધડક કરતબો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

આ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ જય હો.. સેકટર-૭ની પ્રાથમિક શાળાના બાળકએ હમ લોગો કો સમજ સકો તો.... સેકટર-૨૪ની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ દેશ રંગીલા સેકટર ૧૩મી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ સુનો ગૌર સે દુનિયા વાલો કેન્દ્રીય વિદ્યાલય સેકટર-૩૦ના વિદ્યાર્થીઓ દ્વારા એરોબિક્સ ડાન્સ, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ સેકટર-૮ના વિદ્યાર્થીઓએ જય હો.. રીમિક્સ અને એસ.એસ.વી. કેમ્પસના વિદ્યાર્થીઓએ દેશભક્તિની વિવિધ થીમ ઉપર પોતાની કૃતિ આબેહૂબ રીતે રજૂ કરીને ઉપસ્થિત તમામના દિલ જીતી લીધા હતા.

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકર, વરિષ્ઠ સનદી અધિકારીઓ સર્વશ્રી અરવિંદ અગ્રવાલ પુનમચંદ પરમાર, જયંતિ રવિ, કમલ દયાની, મમતા વર્મા, એસ.જે.હૈદર, આર.સી., મીના કાપડિયા, અગ્રણીશ્રી અરૂણ બુચ સહિત મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ, નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.